# ૩૦૦ વિઘા જમીનમાં વરસાદ વિના મગફળીનો પાક મુરઝાયો

## વરસાદ વધુ ખેંચાશે તો ખેડૂતોને માથે આફત આવશે : પાણી વિના અન્ય પાકો પણ સુકાવા લાગ્યા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના ૨૦થી વધુ ગામોના ખેડૂતોએ કેનાલના પાણીથી મગફળી ઉગાડી દીધી છે પરંતુ તે પછી સમયસર વરસાદ ન થવાને કારણે અંદાજે ૩૦૦ વિઘામાં વાવેતર કરાયેલી મગફળીનો પાક ઉગતાની સાથે જ મુરઝાઈ ગયો છે. આ ઉપરાંત જિલ્લાના અન્ય સ્થળે ખેડૂતોએ વાવેતર કરેલ કપાસ, શણ તથા ઈકેરો પણ મુરઝાઈ જતા ખેડૂતોએ બોરકુવાના પાણી મુકવાનુ શરૂ કરી દીધુ છે. જો આગામી દિવસોમાં હજુ પણ વરસાદ ખેંચાશે તો ચોમાસુ પાકનું વાવેતર મોડુ થશે. તથા ડાંગરના પાક પર હાલ તો પ્રશ્નાર્થ મુકાઈ ગયો છે.

આ વર્ષે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગઢોડા, હડીયોલ, પુરાલ, બેરણા, કાંકણોલ સહિતના ૨૦ ગામોની જમીનને હાથમતી કેનાલનું પાણી સિંચાઈ વિભાગ દ્વારા આપવામાં આવ્યુ હતુ જેથી આ ગામના ખેડૂતોએ મગફળીના વાવેતર માટે



જમીનનું ગોળવણ કરીને મોંઘાભાવનું બિયારણ ખરીદીને દવાનો પટ આપી વાવેતર કર્યુ હતુ. ત્યારબાદ ખેડૂતોએ હોંશભેર આંતરખેડ કરીને મગફળીમાંથી નકામુ ઘાસ બહાર કાઢીને નિંદામણનું કામ પણ આટોપી લીધુ છે.

બીજી તરફ અષાઢ મહિનો શરૂ થવા છતાં વરસાદનું આગમન થયુ નથી. દરમિયાન સોમવારે આકાશમાં વાદળો બંધાયા છે અને વાતાવરણમાં બાફ અને ઉકળાટ અસહ્ય અનુભવાઈ રહ્યો છે. તો બીજી તરફ દિવસે આકરો તાપ પડવાને કારણે મગફળીના પાકમાં ખેડૂતોએ કરેલી આંતરખેડને કારણે પોચી પડેલી માટી ઝડપથી ભેજ છોડી રહી છે. જેના લીધે તેની સીધી અસર મગફળીના છોડ ઉપર પડી રહી છે અને દસ વાગતાની સાથે જ મગફળીના છોડ કરમાઈ જાય છે અને તેના કારણે કેટલાક છોડના થડમાં કાળા રંગની ફૂગનો ઉપદ્રવ થવાની શક્યતા વધી ગઈ છે.

બીજી તરફ પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી સહિતના અન્ય સ્થળે આગોતર કપાસનું વાવેતચર કરેલ ખેડૂતોએ બોરકુવાના પાણી પિયત માટે શરૂ કરી દીધા છે. પરંતુ વાતાવરણમાં ઠંડક ન હોવાથી અનેક છોડ પીળા પડી જાય છે અને તેનો વિકાસ પણ ધીમો થઈ જાય છે તથા પાકને બચાવવા માટે ખેડૂતોને અત્યારથી જ મોંઘાભાવની રાસાયણીક દવાઓ છાંટવાનો વખત આવી જાય છે. એક તરફ હવામાન વિભાગ ઉત્તર ગુજરાત સહિત અન્ય સ્થળે પાંચ દિવસની ભારે વરસાદની આગાહી કરી રહ્યુ છે પરંતુ સોમવારનુ વાતાવરણ જોતા સાબરકાંઠા જિલ્લામાં જલ્દી વરસાદ પડે તેવા કોઈ ચિન્હો દેખાતા નથી.

# જુનાડીસામાં રોડ કામમાં ભય વગરનો ભ્રષ્ટાચાર..!!

## સરકારી રૂપિયાના ખુલ્લેઆમ વેડફાટ સામે ઉચ્ચસ્તરે રજુઆતો

જુનાડીસા, તા. ૨૨

ડીસા તાલુકાના જુનાડીસા ગામે સરકારી દવાખાના પાછળ બનાવાયેલ રોડમાં કોન્ટ્રાક્ટરે પંચાયતના પદાધિકારીઓ અને તાલુકા



પંચાયતના અધિકારીઓની સાંઠગાંઠથી વ્યાપક ગેરરીતિઓ સાથે ભય વગરનો ભ્રષ્ટાચાર આચર્યો છે જેથી તકલાદી રોડ પ્રથમ વરસાદમાં જ ધોવાઈ જશે તે નક્કી છે. સરકારી રૂપિયાના સરેઆમ વેડફાટ સામે ગામના જાગૃત નાગરિકે તાલુકા પંચાયત સહિત ઉચ્ચ સ્તરે રજૂઆતો કરી છે.

સરકાર ગામડાઓમાં પણ શહેરો જેવી પ્રાથમિક સવલતો ઉભી કરવા લાખો નહિ પણ કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે પરંતુ જુનાડીસા ગામે કોન્ટ્રાકટર, સરપંચ (પંચાયત કર્તાહર્તા) અને તાલુકા પંચાયતના અધિકારીઓની ત્રિપુટી વિકાસ કામોમાં બેખોફ ગેરરીતિઓ આચરી સરકારી રૂપિયા હડપ કરી જાય છે તેથી તકલાદી કામો થતા ગામલોકોની હાલાકી યથાવત રહે છે. હાલમાં સરકારી દવાખાના પાછળ ગટરલાઈનની સાફસફાઈ કર્યા વગર આડેધડ બનાવેલ આર.સી.સી. રોડમાં સરકારી નીતિનિયમો નેવે મૂકી દેવાયા છે. જાડાઈ કે પહોળાઈનું માપ પણ ન રાખી મળતીયાઓના ઘર સુધી રોડ બનાવેલ છે જેમાં હલકી ગુણવત્તાનો સામાન વાપરતા પ્રથમ નજરે ગ્રાન્ટ હડપવાનો કારસો ઘડાયો હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે જેથી તકલાદી રોડ ગટર ઉભરાવાથી પ્રથમ વરસાદમાં જ તૂટી જશે તે નક્કી છે જેને લઈ ગામ લોકોમાં ઉહાપોહ છવાયો છે. સરકારી રૂપિયાના આ વેડફાટ સામે ગામના એક જાગૃત નાગરિકે ત્રિપુટી સામે બાથ ભીડી કામમાં આચરાયેલ ગેરરીતિઓ બાબતે તાલુકા પંચાયત સહિત ઉચ્ચસ્તરે રજુઆતો કરી છે અને એસ્ટીમેન્ટ મુજબ રોડની વિજિલન્સ દ્વારા તટસ્થ તપાસ બાદ જ બિલ ચૂકવણાની માંગ કરી ન્યાયની અરજ ગુજારી છે. હાલમાં તો આ રોડ વચેટીયાઓની કટકી મુદ્દે ગામમાં ચર્ચાની ચગડોળે ચડ્યો છે.

# મોડાસામાં કોરોના બેકાબુ બનતાં જાગૃત નાગરિકો મેદાને

## જનજાગૃતિ બેનર સાથે વેપારીઓ, ફેરિયાઓને સમય ઘટાડવા વિનંતી રેલી યોજી

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ એકાએક વધ્યુ છે. ઉત્તર ગુજરાતમાં હોટસ્પોટ બનેલા મોડાસા શહેરમાં લોકલ સંક્રમણની દહેશત વચ્ચે સતત કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. જિલ્લામાં નોંધાયેલા ૧૯૩ પોઝીટીવ કેસ પૈકી માત્ર મોડાસાનગરમાં જ કોરોનાગ્રસ્ત દર્દીઓનો આંક ૮૯ દર્દીઓ સુધી પહોંચ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ દર્દીઓના મોત નિપજ્યા છે. મોડાસા શહેરમાં રોકેટ ગતિએ વધતા કોરોનાના સંક્રમણને અટકાવવા તંત્રના ભરોશે બેસી રહેવાના બદલે જાગૃત નાગરિકોએ બજારોમાં માસ્ક પહેરવા અને સોશ્યલ ડિસટન્સ જાળવવા જનજાગૃતિ ફેલાવતા બેનર સાથે રેલી યોજી વેપારીઓ અને ફેરિયાઓને ધંધા રોજગારનો સમય સવારે ૭ થી બપોરે બે વાગ્યા સુધી રાખવા વિનંતિ કરી હતી અને મોડાસામાં કોરોના સંક્રમણ અટકાવવા સ્વયંભૂ બંધ રાખવા અપીલ કરી હતી. મોડાસા શહેરમાં કોરોના બેકાબુ બનતા રવિવારે કેમિસ્ટ



એસો, હાર્ડવેર, ફર્નિચર, મોબાઈલ, હેર સલુન, રેડીમેડ ક્લોથ, કસ્બા જમાતના વિસ્તારના વેપારીઓએ બપોરે ત્રણ વાગ્યા સુધી બંધ રાખવાનો નિર્ણય જાહેર કર્યો છે. બપોરે મોડાસા શહેરમાં વધુ એકવાર સ્વયંભૂ વેપારીઓના બંધથી લોકડાઉનની અસર જોવા મળી હતી.

અરવલ્લી જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી સાતથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે અને સોશિયલ ડિસ્ટન્સ ન જળવાતુ હોઈ અને માસ્ક ન પહેતા હોવાથી કોરોનાનું સંક્રમણ વધ્યુ છે. તંત્ર દ્વારા કોરોના કાબૂમાં હોવાનો દાવો કરવામાં આવે છે પણ કેસો રોકેટ ગતિએ વધી રહ્યો છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમીશન થઈ રહ્યું હોય તેમ સતત કોરોનામાં શહેરીજનો સપડાતા નગરના જાગૃત નાગરિકો દ્વારા શહેરમાં બેનરો સાથે જનજાગૃતિ રેલી યોજી વેપારીઓ અને શાકભાજી, ફ્રૂટ, પાનપાર્લર સહિતના વેપારીઓને સવારે ૭ થી બપોરે ૨ વાગ્યા સુધી ધંધા-રોજગાર ચાલુ રાખવા અપીલ કરી હતી જેમાં ફેરિયાઓએ બપોરે બે વાગ્યા પછી રોડ પર ન ઉભા રહેવા માસ્ક ફરજીયાત પહેરવા અને ગ્રાહકોમાં સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે અંગે વિનંતી કરી હતી. આ જનજાગૃતિ અભિયાનમાં સામાજિક કાર્યકર નીલેશ જોશી, સુરેન્દ્ર શાહ, તરીક બાંડી, અમિત કવિ, ભગીરથ કુમાવત સહીત જાગૃત નાગરિકો જોડાયા હતા.

# ભિલોડામાં શહિદ વીર જવાનોને શ્રદ્ધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા. ૨૨

ચીન અને ભારત વચ્ચે લદાખ સ્થિત ગલવાન ઘાટીમાં થયેલ હિંસક ઝડપ બાદ વધી રહેલા તણાવ વચ્ચે સમગ્ર ભારત દેશમાં ઠેર-ઠેર હવે ચીન દેશનો પ્રચંડ વિરોધ થવા માંડ્યો છે. ભારતીયોમાં ચીન દેશ પ્રત્યે અનોખો આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રજાજનો અલગ-અલગ રીતે ચીન પ્રત્યેનું આક્રોશ ઠેર-ઠેર વ્યક્ત કરી રહ્યા છે.

શ્રી ગુજરાત વનવાસી કલ્યાણ પરીષદ,સંચાલિત શ્રી રામ કુમાર




ઘેરા પ્રત્યાઘાત રૂપે ચીનનો માલસામાન સ્વયંભુ રીતે કોઈએ ખરીદવો નહી, મોબાઈલમાં ચીનની તમામ એપ ડીલીટ કરો તેવી પહેલ કરાઈ છે. ચાઈના પોતાની એપ ધ્વારા મોબાઈલ માધ્યમથી કરોડો રૂપિયાની કમાણી કરી રહ્યું છે ત્યારે તેને રોકવા માટે દરેકે યોગદાન આપવું આવશ્યક હોઈ તો જ ભારતની સ્થિતી મજબુત બનશે.દેશ પ્રેમીઓએ જણાવ્યું હતું.

ચીન અને ભારત વચ્ચે હિંસક અથડામણ દરમ્યાન ભારત દેશના ૨૦ જવાનો વીરગતિ પામ્યા છે. છાત્રાલય,ભિલોડામાં વીર જવાનોને શ્રધ્ધાંજલી અર્પવાનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો.ચીન દેશના માલસમાનનો સ્વયંભુ બહિષ્કાર કરીએ સ્વદેશી ચીજવસ્તુઓ અપનાવી એ જ શહિદ વીર જવાનોને સાચી શ્રધ્ધાંજલી અર્પીએ તેમ આયોજકોએ જણાવ્યું હતું હતું. ભારત વિકાસ પરીષદ, ભિલોડા શાખા, ભિલોડા ગામ યુવા સેવક, ભિલોડા ગામના વેપારીઓ, રાજકીય, સામાજીક આગેવાનો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘરજમાં ટેકાના ભાવે ઘઉં વેચતા ખેડૂતો પાસેથી મજૂરીના નાણાં લેવાતા હોવાની બુમ

મેઘરજ, તા. ૨૨

પ્રાપ્ત માહિતી અનુસાર મેઘરજ તાલુકામાં શિયાળુ સિજનમાં ઘઉં વેચવા માટે તાલુકાના ૮૦૦ ઉપર ખેડૂતોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યુ હતુ પરંતુ ત્રણ માસથી ખેડુતો ઘઉં વેચવા માટે રાહ જોઈ બેઠા છે પરંતુ આજદિન સુધી માત્ર ૨૦૦ જેટલા ખેડૂતો જ ઘઉં ટેકાના ભાવે વેચી શક્યા છે. તંત્રની ઢીલી નીતીને લઈને ખેડૂતો હેરાન પરેશાન થઈ ગયા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ ઘઉંની ખરીદીની શરૂઆતમાં પાછળથી રજિસ્ટ્રેશન થયુ હોય તેવા ખેડૂતોને પહેલા બોલાવી તેમનાજ ઘઉં તોલવામાં આવતા હતા અને આગળના રજિસ્ટ્રેશનવાળા ખેડૂતોને બારદાન નથી કહી પાછા મોકલી દેવામાં આવ્યા હતા. વધુમાં ખેડૂતોમાં ચાલતી ચર્ચા મુજબ ગોડાઉન ઉપર જે ખેડૂત ટેકાના ભાવે ઘઉં વેચવા આવ્યા હોય તેની પાસેથી ઘઉં તોલવાની મજુરી કટ્ટા દીઠ રૂ. બે રૂપિયા પ્રમાણે લેવામાં આવી રહ્યા છે. તો જિલ્લા તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી તાલુકાના ખેડૂતોની માંગ ઉઠી છે.

# પ્રાંતિજ ખાતે વિજ ડીપી નાખવા મામલે રહીશોએ વિરોધ દર્શાવ્યો

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સોનીવાડા નાકા ખાતે વિજડીપી નાંખવાને લઈને રહીશો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. વિજકંપની દ્વારા તેમની રજૂઆતને ધ્યાને લઈને આજે સવારે પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ સોનીવાડા નાકા ખાતે વિજકંપની દ્વારા રહીશોની અવારનવાર વિજડીપી નાંખવાને લઈને વિરોધ કર્યો હતો અને ગામમાં કેટલીય જગ્યાઓ છે ત્યા નાંખો અમારે ડીપીની જરૂર નથી અને અમારે અહીં વોલ્ટેજની પણ કોઈ સમસ્યા બજાર વિસ્તારમાં આવેલ ગુજ્જરની પોળ, દેસાઈની પોળ, પંડ્યા પોળ સહિત બજાર વિસ્તારમાં વિજ વોલ્ટેજ વધઘટનો પશ્ના છે જેને લઈને વિજકંપનીના સૂડી વચ્ચે સોપારી જેવો ઘાટ ઘડાયો છે. ત્યારે હાલ તો સોનીવાડા નાકાના રહીશો પણ તેમની જગ્યા ઉપર ડીપી કોઈપણ સંજોગોમાં નહી નાખવા દે તે જીદ



પ્રાંતિજ ખાતે છેલ્લા ચાર વર્ષથી પ્રાંતિજ બજારચોક વિસ્તારના રહીશો દ્વારા વિજકંપનીમાં વોલ્ટેજ વધઘટને લઈને અવાર-નવાર રજૂઆત કરવામાં કરવામાં આવતાં માંગણીઓને ધ્યાને લઈને વિજકંપની એન્જીનીયર શૈલેષભાઈ યાદવ તેમની ટીમ સાથે વિજડીપી નાંખવા માટે ગયા હતા ત્યારે સોનીવાડા વિસ્તારના રહીશોએ નથી જેને હોય તેના ત્યાં નખાવે ત્યારે પ્રાંતિજ વિજકંપનીના અધિકારી દ્વારા હાલ તો સોનીવાડા નાકાના રહિશોનો વિરોધ જોઈને પરત ફર્યા હતા, ત્યારે એકબાજુએ અધિકારી દ્વારા ધ્યાને લેતા બીજી તરફ વિજ ડીપી નાખવાને લઈને સોનીવાડા વિસ્તારના રહીશો દ્વારા વિરોધ કર્યો છે. ત્યારે હાલ તો વિજ કંપની માટે તો બે બાજુ હાલ લઈને બેઠા છે. ત્યારે હાલ વિજ ડીપી માટે જગ્યા ના મળતાં આ વિસ્તારના રહીશોને હજુ વિજ વોલ્ટેજને લઈને પરેશાન થવું પડશે તેમ કહીએ તો નવાઈ નહી.

# ફાઉન્ડેશન આદર્શ ગ્રામ યોજના દ્વારા યોગ કરી રોગ ભગાવો થીમ પર કાર્યક્રમ

ભિલોડા, તા. ૨૨

સુર્યા ફાઉન્ડેશન એક સામાજિક સંસ્થા છે.જે આદર્શ ગ્રામ યોજના,વ્યક્તિત્વ વિકાસ શિબિર, ઈન્ટરનેશનલ નેચરોપથી દેશના ૧૮ રાજ્ય, ૮૫ જીલ્લા, ૬૦૦ ગામ, ૬૦ હજાર પરિવારો ને ૬૦૦ હજાર યોગ શિક્ષક દ્વારા યોગા કરાવવા માં. આવ્યા. જેમાં ગુજરાત રાજ્ય માં ૨ જીલ્લા (કચ્છ, સૂર્યા ફાઉન્ડેશન દ્વારા ૨૧ જુનના વિશ્વ યોગ દિવસ કાર્યક્રમ કરવામાં આવ્યા બધા પરિવારો ઘરોમાં રહીને યોગાઅભ્યાસ કર્યો. ૨૧ જુનના સવારે ૬ વાગે થી ૭



ઓર્ગેનાઈઝેશન (પ્રાકૃતિક ચીકીત્સા અને યોગ), થીંક ટેંક જેવા અનેક વિષયો પર કાર્યરત છે. સમય-સમય પર મોટા અભિયાન ચાલવામાં આવે છે જેવા કે, ખેલકૂદ પ્રતિયોગીતા, વૃક્ષારોપણ, જળ સંરક્ષણ, સ્વચ્છતા અભિયાન, ગ્રામ ગૌરવ મેલા, યુવા દિવસ વગેરે. બધા જ અભિયાનો માં ગામના બાળકો, યુવાઓ, સેવાભાવી, મહિલાઓ બધા મળીને સહયોગ કરે છે.

સૂર્યા ફાઉન્ડેશન દ્વારા આ વર્ષે અરવલ્લી), ૧૬ ગામમાં ૧૬૦૦ પરિવારના સદસ્ય યોગા અભ્યાસમાં ભાગ લીધો. બધા જ પરિવારો સૂર્યા ફાઉન્ડેશનના ફેસબુક લાઈવ તેમજ યોગ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ યોગ કરવામાં આવ્યા. આજે કોરોના મહામારીના સમયે વિશ્વ અસમંજસની સ્થિતિમાં ઉભું છે. આ મહામારીનો પ્રામાણિક ઈલાજ ઉપલબ્ધ નથી થયું. જો તેનો ઈલાજ છે તો એ ખુદ વ્યક્તિની રોગ પ્રતિકારક શક્તિ જે યોગા, પ્રાણાયામ અને ખોરાકથી વધારી શકાય છે. વાગ્યા સુધી સૂર્યા ફાઉન્ડેશનના ફેસબુક પેજ પર લાઈવ કાર્યક્રમ ચાલવામાં આવ્યો. ૬૦૦૦૦ પરિવાર તેમજ ૩ લાખ લોકો એક સાથે અંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર જોડાયા. આયુષ મંત્રાલય ભારત સરકાર દ્વારા બનાવામાં આવેલ કોમન યોગ પ્રોટોકોલના અનુસાર યોગ અભ્યાસ કર્યા. યોગના માધ્યમથી સ્વચ્છ ભારત-સ્વસ્થ પરિવારની કલ્પનાને મજબુત બનાવીશું તેમજ પોતાની રોગ પ્રતિકારક શક્તિને વધારીશુ.

# પ્રાંતિજ પોલીસલાઈન રહેણાંક વિસ્તારમાં રેસ્કયુ બાદ કોબ્રા સાપને ઝડપી પાડ્યો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાની ભાગોળ કચેરી નો ઢાળ ખાતે આવેલ પોલીસ લાઈન રહેણાંક વિસ્તારમાં કોબ્રા ધુસી આવતા બે કલાકના રેસ્ક્યુ બાદ ઝડપી લેવામાં આવ્યો. પ્રાંતિજ નાનીભાગોળ કચેરીનો ઢાર જુની પોલીસ લાઈનમાં રહેણાંક વિસ્તારમાં આજે સવારે કોબ્રા સાપ જોવા મળતાં પોલીસ લાઈનમાં રહેતાં પરિવારોના જીવ ઉંચો થઈ ગયો હતો. આ અંગેની જાણ સ્નેક રેસ્કયુ સર્વિસ ટીમને જાણ કરતા



તાત્કાલિક પરેશભાઈ પટેલ, પરેશભાઈ સહિત સુનીલભાઈ કડીયા ઘટના સ્થળે દોડી આવ્યા હતાં અને કોબ્રા સાપને પકડવા રેસ્ક્યુ હાથ ધર્યુ હતું. કોબ્રા સાપ પાસે આવેલ વડ ઉપર ચડી જતાં અને વડની વડવાયોમા જતો રહેતાં ભારે જહેમત ઉઠાવી હતી. પ્રાંતિજ નગરપાલિકાની વીજ સીડી ડાલુ બોલાવી તેના સહારે વડ ઉપરથી કોબ્રાને બે કલાકની જહેમત બાદ ઝડપી પડાયો હતો. કોબ્રા પકડાઈ જતાં પોલીસ લાઈનના રહીશોએ હાશકારો જોવા મળયો હતો. સ્નેક રેસ્ક્યુ સર્વિસ ટીમ દ્વારા પકડાયેલ કોબ્રા સાપને જંગલ વિસ્તારમા છોડી મુકવામાં આવશે.

# પાલનપુરના બ્રાહ્મણવાસ વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામનો વિરોધ

## પાલનપુર કોલેજના પ્રોફેસર મુંડન કરાવી કરશે આમરણાંત ઉપવાસ

પાલનપુર, તા. ૨૨

પાલનપુરના બ્રાહ્મણવાસ વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામનો સ્થાનિકોએ વિરોધ કર્યો છે. વર્ષોથી રહેતા સ્થાનિકો આ કોમર્શિયલ બાંધકામથી નારાજ છે. રહેણાંક વિસ્તારમાં રહેતા વૃદ્ધો બાળકો સહિત મહિલાઓને પણ આ કોમર્શિયલ બાંધકામથી મુશ્કેલીઓ વધી શકે છે. જો કે કોર્ટનો સ્ટે હોવા છતાં પણ બ્રાહ્મણવાસ વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામ ચાલુ છે જેને લઈને બ્રાહ્મણ વાસ વિસ્તારમાં રહેતા પાલનપુર કોલેજના પ્રોફેસરે ચીમકી ઉચ્ચારી છે. કે જો આ કોમર્શિયલ બાંધકામ નહીં રોકાય તો પ્રોફેસર પાલનપુર પાલિકામાં આમરણાંત ઉપવાસ પર ઉતરશે વર્ષોના રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામથી સ્થાનિકોમાં રોષ ફેલાયો છે.

કોમર્શિયલ બાંધકામ પર કોર્ટનો સ્ટે હોવા છતાં કામ ચાલુ થતાં સ્થાનિકોમાં રોષ ફેલાયો છે. પાલનપુર નગરપાલિકા અને કલેક્ટરને વારંવાર રજૂઆત કરો હોવા છતાં આ કોમર્શિયલ બાંધકામને રોકાયુ નથી જેને લઈને બ્રાહ્મણ વાસ વિસ્તારમાં રહેતા સ્થાનિક પ્રોફેસર ૨૩ તારીખે મુંડન કરાવીને પાલનપુર નગરપાલિકામાં આમરણાંત ઉપવાસ ઉપર ઉતરશે.